श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

जैनो संघश्चतुर्धा भवतु विविधसद्ज्ञानसंपद्विलासी
श्रेयः सामाजिकं यद्विलसतु सततं तत्र पूर्णप्रभावि ।
भक्ति श्रीमद्गुरूणां प्रसरतु हृदये भावपूर्णप्रकाशा
'आत्मानन्द प्रकाश' ह्यभिलषति सदा मासिकं चेतसीति ॥१॥

पु. १६. } वीर सं. २४४४—भाद्रपद. आतम सं. २३ } अंक २ जो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ટ. | નંબર. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|---|---|
| ૧ | પર્યુષણ પર્વ નિમિત્ત શ્રી જિનેશ્વર સ્તુતિ | [illegible] | ૭ | જૈન કોમમાં કેળવણી | ૪૬ |
| ૨ | કેટલાક પ્રસ્તાવિક શ્લોકો | [illegible] | [illegible] | [illegible] અભ્યંતર કુટુંબ | ૫૦ |
| ૩ | હવે કંઇ ચેતી શકાય કે નહીં ? | [illegible] | [illegible] | [illegible] વર્તમાન સમાચાર | ૫૩ |
| ૪ | જેવું કરશો તેવું પામશો | [illegible] | [illegible] | [illegible]ી ભાવનગર જૈન સંઘ અને વ્યતીત થયેલ પર્યુષણ પર્વ | ૫૪ |
| ૫ | મહત્વાકાંક્ષા | ૩૮ | | | |
| ૬ | પરોપકાર સતાં જીવનં | ૪૫ | ૧૧ | ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર. | ૫૬ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંદરમા વર્ષની અપૂર્વ ભેટ.

## ૧ ગુરૂગુણાવલી અને સમયસાર પ્રકરણ.

(ભાષાંતર)

અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષે ઉપરનો ગ્રંથ લવાજમ વસુલ કરવા વી. પી. કરી ભેટ મોકલવામાં આવેલ છે. જે જે માનવંતા ગ્રાહકોએ તે સ્વીકારી આ માસીકની કદર બુઝી છે તેઓને ધન્યવાદ આપવામાં આવે છે; પરંતુ કેટલાક પ્રમાદી ગ્રાહકોએ ભેટની બુક વી. પી. કરીને મોકલ્યા છતાં તે ઉપર લક્ષ આપ્યા સિવાય પાછું વાળેલ છે, તેમજ કેટલાક ગ્રાહકોએ બાર બાર મહિના અને આગલા વર્ષે પણ તેવીજ રીતે માસીકના ગ્રાહક તરીકે રહીને તેનો લાભ લીધા છતાં વી. પી. પાછું વાળી તે દ્વારા કે બીજી રીતે માસીકનું લવાજમ વસુલ આપ્યું નથી, જેથી આ ધાર્મીક કાર્ય ધારી તેનો લાભ લીધા છતાં તે વી. પી પાછાં વાળેલ છે તે યોગ્ય કર્યું નથી, તેવા ગ્રાહકોને વિનંતિ છે કે તેઓની પાસે લેણું નીકળતું લવાજમ તેઓએ મોકલી આપવું. જે ગ્રાહકોએ વી. પી. દ્વારા લવાજમ મોકલ્યું નથી તેઓના ઉપર ફરી રીપ્લાઇ પત્ર અને ભેટની બુક વી. પી. કરવામાં આવશે, તેઓએ આ ધાર્મીક કાર્ય ધારી વી. પી. સ્વીકારી લઇ જ્ઞાનખાતાના દેવામાંથી મુક્ત થવું.

## આ સભાના માનવંતા વાર્ષિક સભાસદોને વિનંતિ.

આ સભાના સુજ્ઞ વાર્ષિક સભાસદોને તેઓની પાસે સભાસદ તરીકેના વાર્ષિક લવાજમની રકમ વસુલ કરવા ઉપરની ભેટની બુક મેમ્બરશીના લેણા પુરતી રકમના વી. પી. થી મોકલવામાં આવશે, જે મહેરબાની કરી સ્વીકારી લેવું. આ વર્ષે આ સભાના સુજ્ઞ વાર્ષિક સભાસદોને ઉપરની ભેટની બુક સાથે **શ્રી અક્ષયનિધિતપવિધિની** બુક મળીને બે પુસ્તકનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવશે.

## જોઇએ છે.

શ્રી પાલણપુર શ્રાવિકાશાળામાં પંચપ્રતિક્રમણ–પ્રકરણો સંસ્કૃત–વ્યવહારિક–નીતિનું અને ...શીવણ શીખવી શકે તેવી એક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બાઇ–શિક્ષક જોઇએ છે. પગાર ...ત મુજબ. ઉપરના જ્ઞાનવાળી અથવા એથી કંઇ ઓછું હશે તો ચાલશે. તેવા ઉમેદવારોએ ... સર્ટીફીકેટ વિગેરે હોય તો તે સહીત નીચે સહી કરનારને પોતાની લેખીત અરજી અભ્યાસ વિગેરેની વિગત સાથે મોકલવી.

લી૦
C. S. Kothari
સેક્રેટરી શ્રી આત્મવલ્લભ જૈન કેળવણી ફંડ
મુ. પાલણપુર.

## જાહેર ખબર.

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમમાં હાલ ૪૩ વિદ્યાર્થીઓ છે, તેમાં વધારો કરવાનો છે તો દાખલ થવાની ઇચ્છા રાખનારે અરજીના ફોર્મ નીચેના સરનામેથી મંગાવવા. માબાપ વિનાના ચાલાક વિદ્યાર્થીઓને ખાસ પસંદગી આપવામાં આવશે. અરજદારે બોલાવ્યાથી થોડા દીવસ અજમાયશ માટે આવવું પડશે.

બાલાશ્રમ—**પાલીતાણા.**
તા. ૯–૮–૧૮

કુંવરજી મુળચંદ શાહ,
ઓનરરી મેનેજર જૈન બાલાશ્રમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थे परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १६ ] वीर संवत् २४४४, भाद्रपद आत्म संवत् २३. [ अंक २ जो.

## પર્યુષણુપર્વ નિમિત્ત શ્રી જીનેશ્વર સ્તુતિ.

( શાર્દૂલ વિક્રીડિત. )

સેવા દેવ તણા સમૂહ કરતા, આનંદના કંદની,
જેના શર્ણ થકી વિશેષ સુખનો, ઇંદ્રો સહૂ સ્વાદ લે;
તેનું શર્ણ લઇ સદા ઉપશમે, વિરામું હું સુખથી,
સ્નેહે શ્રી જીનરાજ પાદ કમળે, પર્યુષણે હું નમું.
ઉપાધિ કરૂં દૂર હું દિલ તણી, ઇંદ્રિયને દાબીને,
ધારૂં સત્સમભાવ હું હૃદયમાં, શ્રી કલ્પને સુણીને;
વિરામું વિષયો તણા વિષ થકી, વેગે ધરી શાંતિને,
સ્નેહે શ્રી જીનરાજ પાદ કમળે પર્યુષણે હું નમું.
સંસારે તપના પ્રચંડ બળથી, નિસ્તાપ વેગે થઉં,
આવે જેથી અનંતવાર ભવના, ફેરા તણો અંત રે;
પામું ભક્તિ અહોનિશા સુગુરૂની, ત્યાગી અભિમાનને,
સ્નેહે શ્રી જીનરાજ પાદ કમળે, પર્યુષણે હું નમું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજું પ્રેમ ધરી પ્રતાપી પ્રતિમા, પર્માત્મરૂપી અહો,
લાવીને સમભાવ અંતર વિષે, તેને જ ધ્યાવું મુદા;
જે દુષ્કૃત્ય કર્યાં હશે મલિન મેં, મિથ્યા કરૂં હું હવે,
સ્નેહે શ્રી જીનરાજ પાદ કમળે, પર્યુષણે હું નમું.

V. M. Shah.

# કેટલાંક પ્રસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

લેઃ—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. ભાવનગર.

वने कुरंगा स्तृण धान्य भुक्ता
बुभुक्षिता घ्नन्ति कदा न जीवान् ।
एवं कुलीना व्यसनाभिभूता
न नीति मार्ग परिलंघयान्ति ॥ १ ॥

( ઉપજાતિ )

ભુખે ભલે પિંડથી પ્રાણ જાય,
હરીણ ના હિંસક તોય થાય;
આવી પડે સાધુ ભલે અપાયે,
છોડે ન નીતિ તદપિ જરાએ. ૧

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरंति देहम् ।
आयुः परिस्रवाति भिन्नघटादिवाम्भो
लोक स्तथाप्य हितमाचरतीति चित्रम् ॥ २ ॥

( શાર્દૂલ )

ઉભી છે વિકરાળ વાઘણ જરા, દાંતો બહુ પીસતી,
રોગો શત્રુ સમાન નિત્ય તનને, પીડા કરે છે અતી;
ફૂટેલા ઘટથી જતા જળ પડે, આયૂ સ્ત્રવી જાય છે,
લોકો તોય કુકર્મ નિત્ય કરતા, આશ્ચર્ય એ છે ખરે. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



न जारजातस्य ललाट शृंगम्
कुल प्रसूतस्य न पाणि पद्मम् ।
यदायदा मुञ्चति वाक्य बाणम्
तदा तदा जाति कुल प्रमाणम् ॥ ३ ॥

( ઉપજાતિ )

ન નીચને શૃંગ શિરે અપાણું,
કુલીનને હાથ ન પદ્મ જાણું;
જેવા વદાશે મુખથી જ બોલ,
તેવો જ થાશે નિજ જાતિ તોલ.

दर्शनाद्हरते चितं स्पर्शनाद्धरते धनं ।
संगमाद् धरते सत्त्वं नारी प्रत्यक्ष राक्षसी ॥ ४ ॥

( વસંત તિલકા )

મોહીત થાય ક્ષણમાં મન જોઈ નારી,
સ્પર્શે અપાય ધનને થઈને ભીખારી
સંગે થવાય બલહીન જુઓ વિચારી,
પ્રત્યક્ષ છે સબલ રાક્ષસી રૂપ નારી.

कान्तं वक्ति कपोतिकाकुलतया नाथांत कालोऽधुना
व्याधोऽधो धृत चाप सज्जितशरः श्येनः परिभ्राम्यति ।
इत्थं सत्यहिना स दष्ट इषुणा श्येनोऽपि तेना हत
स्तूर्णं तौ तु यमालयं प्रति गतौ दैवी विचित्रा गतिः ॥ ( ५ )

( મનહર )

હેઠે બેઠો તીર તાકી પારધિ લેવાને પ્રાણ,
ઝડપીને ખાવા ફરે શિરપર બાઝ રે;
આકુલ થઈને કે' છે કપોતાણી કપોતને,
આપણો તો આવ્યો નાથ! અંતકાળ આજરે;
પારધિને આવી ડસ્યો પગમાં સરપ ઝેરી,
કરથી છુટેલા બાણે બાઝ વીંધી મારિયો;
દૈવની વિચિત્ર ગતિ કળિ ન શકાય કોથી,
કપોત કપોતણીના જીવને ઉગારિયો. ૫

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હવે પણ કંઇ ચેતી શકાય કે નહિં ? જીવવા–આબાદ રહેવા ઇચ્છનારાઓએ તો અવશ્ય ચેતવુંજ જોઇએ.

( લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી વ્યાજબીજ કહે છે કે જો તમારે તમારૂં ચૈતન્ય ટકાવવુંજ હોય, સુખી અને સમૃદ્ધિવંત બનવુંજ હોય તો સર્વજ્ઞ–સર્વદર્શી–પરમાત્મા–પરમતત્ત્વનું આરાધન કરો. એકાન્ત હિતકારી પ્રભુ આજ્ઞાઓનો અભ્યાસ કરો અને સ્વશકિતનું ગોપન કર્યા વગર તે પવિત્ર આજ્ઞાઓનું પાલન કરો. જેમ સદ્વૈદ્યની આજ્ઞા મુજબ ચાલવાથી વ્યાધિનો વ્હેલો અંત આવે છે તેમ સર્વજ્ઞ દેવના વચનને અનુસરી ચાલવાથી જરૂર સર્વ દુઃખનો અરે જન્મ મરણનો સર્વથા અંત આવે છે. તે ખરૂં પણ તેમ કરવા પહેલાં અનાદિ પ્રિય એવી સ્વચ્છંદતા તજવી પડે છે. સ્વચ્છંદપણે કુપથ્ય સેવનાર કદાપિ વ્યાધિનો અંત કરી શકે છે ? નહિજ તેમ મદ ( Intoxication ) વિષયાસકિત ( Sensual appetite ) કષાય ( Anger, Pride etc. આલસ્ય ( Idelness ) અને વિકથા (Gossips) વિગેરે સ્વચ્છંદ પ્રવૃત્તિનું સતત સેવન કર્યા કરવાથી જન્મ મરણાદિક અનંત દુઃખનો કદાપિ અંત આવી શકેજ નહિ. અજ્ઞાન, મિથ્યાત્વ અને મોહ–મમતાવશ મૂઢ પ્રાણીઓ પોતાની વિપરીત પ્રવૃત્તિને સાચી અને સુખદાયક લેખી અધિકાધિક દુઃખનાં વમળમાં પડયાં કરે છે. આ ભયંકર વિપરીતતાનું તેમને ગમે તે રીતે યથાર્થ ભાન થવું જોઇએ. અને તેમાંથી પોતાનો ઉદ્ધાર કરવા જ્ઞાની મહાશયોનાં એકાન્ત હિતકારી વચનોનું આલંબન લહી, અનાદિ સ્વચ્છંદતાને તિલાંજલિ આપી પોતાની શકિતનું લગારે ગોપન કર્યા વગર સદાચાર પરાયણ રહેવું જોઇએ. સ્વાર્થ અંધતાથી વગર વિચાર્યે અનેક પ્રકારની પ્રતિકુળતા અન્યના માર્ગમાં ઉભી કરતાં વિરમવું જોઇએ. કેમકે તેજ પ્રતિકૂળતા સ્વપરની ઉન્નતિના માર્ગમાં અવરોધ–અંતરાયકારી થઇ પડે છે, અને ક્ષણિક સુખ મેળવવાની ધુનમાં અપાર દુઃખના ડુંગર ઉભા કરવામાં આવે છે. રાવણ કે દુર્યોધનાદિકના દાખલા તપાસશો તો ઉપરના કથનની સત્યતા સચોટ સમજાશે અને તમો તેવાં અપકૃત્યો કરતાં અટકશો એટલુંજ નહિ પણ રાજસી અને તામસી વૃત્તિઓને ટાળી સાત્ત્વિક વૃત્તિ આદરી ભૂતકાલીન તેમજ વર્તમાનકાલીન અનેક ઉત્તમ આદર્શ પુરૂષોની જેમ તમો પણ એક ઉત્તમ આદર્શજીવન પાળવા તત્પર થશો અને અન્ય અનેક ભવ્યાત્માઓને પણ સ્વજીવન સુધારણામાં ઉમદા દ્રષ્ટાન્તરૂપ થવાને ભાગ્યશાળી થઇ શકશો. સ્વજીવનની સાર્થકતા કરવા ઇચ્છનારને વધારે શું કહેવું ? ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જેવું વાવશો તેવું લણશો–જેવું કરશો તેવુંજ પામશો.

દરેક જીવ સુખ–જીવિત ચાહે છે. કોઇ દુઃખ–મરણને ચાહતા નથી, તેમ છતાં કર્મના અચળ કાયદા મુજબ તો જે જેવું આચરણ ( સારૂં કે માઠું ) કરે છે તે તેવુંજ ફળ પામે છે, આજેજ કરેલી કરણીનું આજેજ પૂર્ણ ફળ મળી જતું નથી, પરંતુ તે કાળપરિપાકે મળી શકે છે. ઉગ્ર પુન્ય–પાપનું જે તાત્કાલિક ફળ દેખાય છે તે તો તેના નમૂનારૂપ અલ્પાંશ માત્ર સમજવું. તેનું સંપૂર્ણ ફળ વેદવાનો સમય તો હજી હવેજ આવવાનો છે. એક માણસે બહુ અનીતિ આદરી વિશ્વાસભંગ કરી, ઠગવિદ્યા કરી કંઇક દ્રવ્ય પ્રાપ્ત કર્યું પણ તે પ્રગટ થતાં તેને બહુ સખ્ત શિક્ષા થાય છે, ત્યારે લોકો પણ તેનો તિરસ્કાર કરવા પૂર્વક બોલે છે, કે તેને તેનાં ઉગ્ર પાપનું પ્રત્યક્ષ ફળ મળ્યું. જો કે આ વાત ખરી છે તો પણ આ શિક્ષા ઉપરાન્ત હજી તેને ભવિષ્યમાં ( ભવાન્તરમાં ) તેનાં બહુ માઠાં ફળ ભોગવવાનાં બાકી રહેલાં છે. એજ રીતે અતિ ઉદારતાથી નિઃસ્વાર્થપણે જે સુકૃત્યો કરે છે, તેને તાત્કાલિક લોકસત્કારાદિ ફળ મળે છે. પરંતુ તેની કરણીનું મુખ્ય–પારમાર્થિક ફળ તો ભવિષ્યમાં બીજું ઘણું ઉમદા પ્રકારનું મળી શકે એમ છે. આ વાતની ખાત્રી કરવા અનેક પૂરાવા મળી શકે છે. એકજ બાપના અથવા એકજ સાથે એકજ ગામમાં કે એકજ કુળમાં ઉત્પન્ન થયેલા બે અથવા વધારે જીવો એક સરખા અંગઉપાંગને પામ્યા છતાં સુખસમૃદ્ધિમાં એકબીજા કરતાં ઓછા અધિક પ્રમાણમાં પ્રગટ દેખાય છે. એક જન્મથીજ દુઃખી–રોગી, બીજો સર્વાંગ સુખી–નિરોગી, એક જ્ઞાની બીજો અજ્ઞાની, એક રાજા–અધિકારી ત્યારે બીજો રંક–નોકર વિગેરે પ્રગટ વિષમતા દેખાય છે. તે સઘળું પૂર્વકૃત શુભાશુભ કરણીનુંજ ફળ છે, એટલુંજ નહિ પણ એથી પુનર્ભવની પણ સિદ્ધિ થઇ શકે છે. એક તરતનું જન્મેલું બાળક જન્મતાંજ સ્તન્યપાન કરવા અહીં કોઇએ શિખવા વગરજ મંડે છે. તે શું તેના પૂર્વભવના સંસ્કાર વગરજ બને છે શું ? જીવ જેવી જેવી કરણી જેવી જેવી ભાવનાથી કરે છે તેને તેનું શુભાશુભ ફળ તરત નહિ તો કાળપરિપાકે મળેજ છે. પ્રથમ પડેલા શુભાશુભ સંસ્કારો નિમિત્ત પામીને ઉદ્દબુદ્ધ થઇ જીવને સુખ–દુઃખરૂપે પરિણમે છે, તેથી શાણા ભાઇબ્હેનોએ શુભ અભ્યાસ કરવા સદાય લક્ષ આપવા ચૂકવું નહિ.

ઇતિશમ્.

( લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહત્વાકાંક્ષા.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૨૬ થી શરૂ. )

લે૦-વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ.

જેઓ આપણા કરતાં ઉચ્ચતર પદે સ્થિત થયા હોય છે, જેઓએ આપણા કરતાં વિશેષ સારી કેળવણી સંપાદન કરી હોય છે, અને આપણા કરતાં વિશેષ સંસ્કૃતિને પામ્યા હોય છે, જે જે વિષયોનું આપણે અત્યલ્પ જ્ઞાન ધરાવીએ છીએ તે તે વિષયોમાં જેઓ આપણા કરતાં વિશેષ ઉંડા અનુભવી નિવડ્યા હોય છે તેવા મનુષ્યોના નિત્ય સહવાસથી આપણને ઉન્નતિક્રમમાં આગળ વધવામાં અદ્દભુત સાહાય્ય મળે છે. જ્યારે કોઈ વ્યક્તિની વૃત્તિઓ અધોગમન કરે છે, જ્યારે તે પોતાના કરતાં અધમ કક્ષાના મનુષ્યોના સહવાસમાં રહે છે, અને જ્યારે તે નિકૃષ્ટ-પંક્તિની ભ્રષ્ટ કરનારી મોજમજા મેળવવા યત્ન કરે છે ત્યારે તેનો અધઃપાત અને અપકર્ષ કેટલી ત્વરાથી થાય છે તે વિચાર કરતાં સહજ સમજી શકાય તેમ છે. એથી ઉલટું જે ક્ષણે આ ક્રમ બીજી દિશામાં બદલવામાં આવે છે કે તરત જ ઉચ્ચ-ગામી વૃત્તિ અને પ્રગતિ તેટલી જ વેગવતી બને છે.

જીવનમાં મહત્વકાંક્ષાઓ ધારણ કરવાની ટેવ એક પ્રકારની ઉન્નત કરનાર અને મહાન કરનાર શક્તિ છે. તેનાથી માનસિક શક્તિઓ વિશાલ અને વિસ્તૃત બને છે, નવીન ગુપ્ત રહેલી શક્તિઓ જાગૃત થાય છે. આ ઉપરાંત તેનાથી મહાન આંતરિક બળને પ્રોત્સાહન મળે છે અને સામાન્ય સંજોગોમાં જે સામગ્રી ગૂઢ પડી રહે છે તે સચેતન, ઉદ્યુક્ત અને ઉત્તેજિત થાય છે. જેને લઈને મનુષ્યને કાર્ય કર-વામાં કંટાળો આવતો નથી, જેનાથી કાર્યનો ભાર હલકો થાય છે અને કાર્ય કરવાનો માર્ગ સુગમ બને છે એવી મહત્વકાંક્ષાથી જો માણસ પ્રોત્સાહિત થતો નથી તો તે કંઇપણ મહાન કાર્ય કરવા સમર્થ થતો નથી. જે માણસ એક ગુલામ અથવા શ્રમિત અશ્વની માફક કાર્ય હાથમાં લે છે તે કદિ પણ પ્રકાશમાં આવી શકતો નથી. કાર્યને માટે મહત્વાકાંક્ષા, ઉત્સાહ અને પ્રેમ હોવા જોઈએ; નહિ તો પરિણામ શૂન્ય આવવાનું એ નિશ્ચિત વાત છે.

અનુકૂળ પરિસ્થિતિમાં મૂકાઈને જીવનમાં વિજયી નિવડવું એ દુષ્કર કાર્ય છે; પરંતુ આપણને નિયત થયેલા કાર્ય પરત્વે પ્રેમ રાખવો તે અજબ સાહાય્ય અને શક્તિ આપનાર વિલક્ષણ ઓષધિ સમાન છે. ઉત્સાહ આપણને ભય અને વિઘ્નોથી અજાણ રાખે છે. જો તમને તમારી મહત્વાકાંક્ષા ક્ષીણ થતી લાગતી હોય, તમને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા કાર્ય માટે પહેલાં જેવો ઉત્સાહ ન લાગતો હોય, તમને તમારા કાર્યમાં રસ ન પડતો હોય તો કોઈક સ્થળે કંઇ સડો હોવો જોઇએ. કદાચ તમને સત્ય સ્થાન મળ્યું નથી; કદાચ નિરાશાજન્ય સંજોગોને લઇને તમારો ઉત્સાહ દબાઈ ગયો હોય; ગમે તેમ હોય, પરંતુ જો તમને તમારી મહેચ્છાઓ ક્ષીણ થતી જણાતી હોય, કાર્ય કરવું કંટાળાભરેલું લાગતું હોય અને પ્રતિદિન કાર્ય કરવાનો કંટાળો વધતો જતો લાગતો હોય તો તેના ચાંપતા ઉપાયો લેવાને તમારાથી બને તેટલું કરવામાં વિલંબ કરવો જોઇએ નહિ. તમે અમુક કાર્ય કરવાનો નિશ્ચય કર્યો હોય અને તેના સંબંધમાં જેમ તમે કરો છો તેમ તમે કરો તો ઉત્સાહ વધારવાનું કાર્ય લેશ પણ મુશીબતી ભરેલું લાગશે નહિ. હમેશના પરિચય વગર મિત્રતા નભી શકે નહિ. આ નિયમ મહત્વાકાંક્ષાના સંબંધમાં પણ સત્ય પડે છે.

પોતામાં અગ્નિ શાંત થઈ જવાથી ઘણા લોકોને આપણે પાટાપરથી ખસી ગયેલા જોઇએ છીએ; તેઓના બૉઇલરોમાં પાણી ઠરી જવાથી તેઓની ગાડી આગળ ચાલી શકતી નથી. છતાં પૂર્ણ વેગે દોડનારી ગાડીઓને પસાર થતી જોઇને તેઓ આશ્ચર્ય પામે છે. તેઓ વિસરી ગયા હોય છે કે શાંત થઇ ગયેલા અગ્નિથી ઇષદુષ્ણ જળથી તેઓની ગાડીઓ કદાપિ પૂર્ણ વેગથી ચાલી શકશે નહિ. આ લોકો તેઓના પાટાને ઉધ્ધૃત કરતા નથી, સડકનો સમુદ્ધાર કરતા નથી, પોતાના એન્જીનોમાં વરાળ થાય તેટલી હદ સુધી જલ સંતપ્ત કરતા નથી; તથાપિ તેઓ પોતાના લક્ષ્યસ્થાને પહોંચતા નથી તો તેઓ ફરીયાદ કરે છે. સંપૂર્ણતઃ નવી સડકપર અને નવા એન્જીનો સહિત ઝડપથી દોડી જતી પોતાના સહચારીની ગાડીના કરતાં પોતાની ગાડીનો વેગ કેમ મંદ પડી ગયો છે તે તેઓ સમજી શકતા નથી. તેઓની ગાડી ખરાબ થઈ ગયેલી સડકપરથી ઉતરી જાય છે તેનો આરોપ તેઓ કઠિન ભાગ્યયોગપર મૂકે છે.

જે લોકોની જગત્‌માં કશી ગણના નથી, જેઓ સુસ્ત અને મધ્યમ કોટિના છે એવા લોકો મહત્વાકાંક્ષાના અભાવે નિષ્ફળતા પ્રાપ્ત કરે એમાં નવાઇ જેવું નથી. માણસ ગમે તેટલો નિર્ધન હોય તો પણ જો તેને જ્ઞાનામૃતનો આસ્વાદ લેવાની ઉત્કંઠા હોય છે, સુધારણાને માટે તિવ્ર ઇચ્છા હોય છે તો તે ગમે તે રીતે પોતાનો માર્ગ કરી શકે છે; પરંતુ જગત્‌માં આગળ વધવાને જેનામાં મહત્વાકાંક્ષાનો અભાવ છે એવા લોકોને ઉત્તેજીત કરવાનો, સચેતન કરવાનો કોઇ પણ માર્ગ નથી. કંઇક ઉપયોગી કાર્ય કરવાને અને જગત્‌માં મહાન થવાના મહાભિલાષી માણસને પાછો હઠાવવાનું કાર્ય સ્હેલું નથી. તે ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં મૂકાયો હોય છતાં પણ ગમે તે રીતે તે માર્ગ કરશેજ. આવા લોકો પુસ્તકો ખરીદવાને અસમર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય તો તેઓ પુસ્તકો ઉછીના લઇને પણ કેળવણી સંપાદન કરવાના જ. જે યુવક કંઇક વિશેષ સારી વસ્તુને માટે ઇચ્છા રાખે છે તે ગમે તેટલો મૂર્ખ અથવા જડમતિ હોય તોપણ તેનાથી નિરાશ થવાની જરૂર નથી. તમે તમારા જીવનને તદ્દન સામાન્ય લેખતા હો, જગતમાં તમારી કંઇક ગણના થાય એવા પ્રસંગો થોડા હોય, પરંતુ જો તમને કંઇક વિશેષ સારૂં પ્રાપ્ત કરવાની અભિલાષા હશે, કંઇક ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષા હશે અને મુશ્કેલીમાંથી પસાર થઇ ગમે તે ભોગે આગળ વધવા માટે ખુશી હશો તો તમે ફત્તેહમંદ નિવડશો એ નિઃસંદેહ છે. તમારી સ્થિતિ અથવા કાર્ય ગમે તેટલા નિકૃષ્ટ હોય તેની દરકાર નથી. જેવી રીતે આગ્રહ પૂર્વક મંડયા રહેવાથી અંકુર જમીનમાંથી સપાટીપર આવે છે તેવીજ રીતે સામાન્ય સ્થિતિમાંથી તમે ઉચ્ચ સ્થિતિમાં આવશો એ ચોક્કસ છે.

કોઇ પણ માણસ હમણાં જે કાર્ય કરતો હોય તેનાથી તેને માટે અભિપ્રાય બાંધવામાં આપણે ભૂલ કરીએ છીએ; કેમકે તેનું તે કાર્ય ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાના પગથીયા રૂપ હોય. તેણે જે કાર્ય કરવાનો નિશ્ચય કર્યો છે તે જાણીને અને તેની મહત્વાકાંક્ષા જાણીને અભિપ્રાય બાંધો. પોતાના લક્ષ્યસ્થાને પહોંચવાના પગથીયા તરીકે કર્તવ્યનિષ્ટ માણસ કોઈપણ શિષ્ટ કાર્ય કરવા તત્પર થશે. પ્રત્યેક મનુષ્યના વાતાવરણમાં એવું કંઇક છે કે જેનાથી તેનું ભવિષ્ય કહી શકાય છે; કારણકે તેની કાર્ય કરવાની રીતિથી,અને તેના કાર્યમાં જેટલા પ્રમાણમાં તે ઉત્સાહ રેડે છે તેનાથી તેનું ભવિષ્યજીવન કેવું નિવડશે એ કહી શકાય છે.

ઉચ્ચતર પદ પ્રાપ્ત કરવાની આકાંક્ષા અને પોતાના લક્ષ્યસ્થાને પહોંચવાના બળ વિના પોતે જે કરે છે તેનાથી કોઇ માણસ અસંતુષ્ટ હોય; પરંતુ પોતાની સ્થિતિથી અસંતોષ હોવો તે તેનામાં મહત્વાકાંક્ષા છે એમ સૂચવતું નથી. તે આળસુ અને પ્રમાદી છે એમ સૂચવે છે; પરંતુ જ્યારે આપણે કોઇ માણસને અમુક સ્થિતિમાં મુકાયલો, તે સ્થિતિની પૂર્ણતાએ પહોંચવાને પ્રયાસ કરતો, તે સ્થિતિમાં આનંદ માનતો અને છતાં વધારે ઉચ્ચ અને વધારે સારી સ્થિતિ પ્રાપ્ત કરવાને મહેચ્છા રાખતો જોઇએ છીએ ત્યારે આપણે ખાતરીથી માનીએ છીએ કે તે ઉક્ત સ્થિતિએ પહોંચશે. જ્યાંસુધી આપણે કોઇ માણસની મહત્વાકાંક્ષાઓથી અનભિજ્ઞ હોઇએ ત્યાંસુધી તેના વિષે કંઇપણ અભિપ્રાય આપી શકીએ નહિ. જ્યારે યુવાન ફ્રેંકલીન ફીલાડેલ્ફીયામાં પગપેસારો કરવાને યત્ન કરતો હતો ત્યારે તેની ખાનપાનની રીતિપરથી વ્યવહારનિપુણ માણસોએ ભવિષ્ય ભાખ્યું હતું કે તે ભવિષ્યમાં કોઇ મહાન વ્યક્તિ તરીકે પ્રસિદ્ધિમાં આવશે. કેમકે તે ઉંચે ચડવાને પોતાના સર્વ બળથી કાર્ય કરતો હતો. અને શ્રદ્ધા બેસાડે એવી રીતે તે પોતાની જાતને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્યબિંદુએ લઇ ગયો. જે કંઈ કાર્ય તે કરતો તેમાં પોતાની શક્તિ તે એટલી બધી વાપરતો કે લોકોનું ભવિષ્ય કથન સત્ય નિવડયું. જ્યારે તે માત્ર મુદ્રણકળાનું કાર્ય કરતો ત્યારે તે તેણે અન્ય માણસો કરતાં એટલું બધું સારી રીતે કર્યું અને તેની કાર્યપદ્ધતિ એટલી બધી ઉત્તમ અને સ્તુત્ય હતી કે લોકોએ એવું ભવિષ્ય કથન કર્યું કે સર્વ કામ તેનેજ કરવું.

દૂર દેશમાં વસનારા ઘણા લોકો જે ધોરણેથી પોતાની શક્તિનું માપ કરી શકે એવા ધોરણોના પરિચયમાં આવતા નથી. તેઓ શાંતિ ભરેલું જીવન વહન કરે છે અને તેઓની આસપાસ એવું કંઈ હોતું નથી કે જેનાથી તેઓની ગુપ્ત શકિતઓ સચેતન અને જાગ્રત થાય. ઉત્ક્રાન્તિ ક્રમમાં પછાત રહેલા દેશમાં વસનાર બાળકની મહત્વાકાંક્ષાઓ માત્ર એકાદ વખત શહેરમાં જવાથી જાગૃત થાય છે. તેને શહેર જગતના મહાન મેળા અથવા સંગ્રહસ્થાન સમાન ભાસે છે. શહેરમાં જે પ્રગતિસૂચક જીવન તેની દ્દષ્ટિએ પડે છે તેનાથી તેના પર વીજળીક અસર થાય છે. અને તેની આંતરિક ગુપ્ત શક્તિઓ સચેતન થાય છે. તેને દ્દષ્ટિગત થતી સર્વ વસ્તુઓ તેને આગળ વધવાનું આહ્વાન કરતી હોય એમ લાગે છે. શહેરી જીવન અને દેશાટનથી એક મહાન લાભ એ થાય.છે કે બીજાની સાથે વારંવાર પરિચયમાં આવવાથી બીજા લોકો સાથે આપણી તુલના કરવાની અને તેઓની શકિતઓ સાથે આપણી શકિતઓનું માપ કરવાની તક મળે છે. અન્ય લોકોના પરિચયથી વિજય પ્રાપ્ત કરવાના પ્રેમને અને તેઓની સાથે આપણી શકિતની અજમાયશ કરવાની વૃત્તિને જાગૃત થવામાં સાહાય્ય મળે છે. અન્યત્ર લોકો શું કરે છે તેની નિરંતર યાદી રહે છે. દેશાટનમાં આપણે મહાન પરાક્રમો, મોટાં મોટાં કારખાનાંઓ અને ઓફીસો, વિશાળ ધંધાઓ સર્વત્ર જોઇએ છીએ. આ સર્વ બાબતોથી મહત્વાકાંક્ષા ધરાવનારા યુવકના મનમાં અનેક પ્રશ્નો ઉભા થાય છે પોતે કંઇ કરી શકતો નથી જોઇને તેને સાશ્ચર્ય ખેદ થાય છે; અને જ્યારે તે અમુક કાર્ય કરવાની ઈચ્છા રાખે છે અને પોતે તે કરી શકશે એમ માને છે ત્યારે તેની શકિતમાં અપૂર્વ વૃદ્ધિ થાય છે. અધીરાઇ ભરેલી મહત્વાકાંક્ષાઓ ધારણ કરવાથી ઘણી વખત મનુષ્યો પોતાના કાર્યમાં નિષ્ફળતા મેળવે છે. તેઓ પોતાના જીવનકાર્ય માટે રાહ જોઇ શકતા નથી; પરંતુ જે સ્થિતિએ પહોંચવાને અન્ય લોકોએ વર્ષો પર્યંત યત્ન કર્યો હોય છે તે સ્થિતિએ કૂદીને પહોંચવાનું ધારતા હોય છે. તેઓ પરિણામને માટે અધીરા બને છે અને કોઈ પણ કાર્ય યોગ્ય રીતે કરવાનો તેઓને પુરતો સમય હોતો નથી. દરેક કાર્ય ઉતાવળીયા થઈને કરે છે. આવા લોકો પ્રમાણસર વિકાસ પામતા નથી, પરંતુ તેઓમાં વિવેકબુદ્ધિની ખામી હોય છે. એક સુપ્રસિદ્ધ આંગ્લ કવિની નિમ્નલિખિત લીંટીઓ ખાસ મનન કરવા લાયક છે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"The heights by great men reached and kept,
Were not attained by sudden flight;
But they, while their companions slept,
Were toiling upward in the night."

**ભાવાર્થ**—મહાન પુરૂષોએ જે ઉચ્ચપદ પ્રાપ્ત કર્યું હોય છે તે તેઓએ એક કુદકે પ્રાપ્ત કર્યું હોતું નથી. પરંતુ જ્યારે તેઓના સહચારીઓ નિદ્રાધીન પડયા હોય છે ત્યારે ઉચ્ચપદ મેળવવાને રાત્રિ દરમ્યાન તેઓએ તનતોડ મહેનત કરી હોય છે.

આપણે બહુશઃ નિરંકુશ મહત્વાકાંક્ષાના શોકકારક દ્રષ્ટાંતો જોઇએ છીએ જે માણુસે અમર્યાદ મહત્વાકાંક્ષાઓથી ઉત્તેજીત થયા હોય છે,જેઓની ગ્રાહ્ય શકિતઓ સંપત્તિ અથવા સત્તાથી સમન્વિત થવાની મહેચ્છાથી એટલી બધી કુંઠિત થયેલી હોય છે કે તેઓ સંશયયુકત કાર્યો કરવાને લલચાયા હોય છે. કેટલીક વખત આવા પ્રકારની મહત્વાકાંક્ષા માણુસોને ન્યાય બુદ્ધિ શુન્ય કરી મુકે છે. ગમે તે આહુતિ આપીને પોતાની જાતને આગળ વધારવાના અને કીર્તિ મેળવવાના સ્વાર્થ પરાયણ ઉચ્ચાભિલાષને ભોગ થઇ પડેલા મનુષ્યને જોઇને આપણુને અત્યંત દયા ઉપજે છે. આવા ઉચ્ચાભિલાષોને ભોગ થઈ પડીએ છીએ ત્યારે ન્યાયનું સત્યસ્વરૂપ પારખવાનું કાર્ય અતિ દુર્ઘટ થઇ પડે છે. આવા પ્રકારના ઉચ્ચાભિલાષથી મત્ત થયેલા મનુષ્યો કોઇ પાપાત્મક કાર્ય કરવાને અચકાતા નથી. નિરંકુશ અને અમર્યાદ ઉચ્ચાભિલાષથી કેવા અનર્થો નિષ્પન્ન થાય છે તેના નેપોલીયન અને એલેકઝેન્ડર જવલંત દ્રષ્ટાંતો છે. બીજાથી ચઢિયાતા થવાનો લોભ કદાચ ભયંકર નિવડે અને ચારિત્ર્યની સર્વ પ્રકારની આહુતિઓ આપવાને પણ માણુસને પ્રેરે. કંઇક વિશેષ કરવાનો સામાન્યતામાંથી બહાર લાવે એવું કંઇક કરવાનો, મહત્વાકાંક્ષા અને ઉત્સાહ રહિત મનુષ્યો કરતાં પોતાને ઉંચે લાવે એવું કંઇક કરવાનો પ્રત્યેક માણુસને અભિલાષ હોવો જોઇએ. જગતમાં જેટલું ઉંચે ચઢાય તેટલું ચઢવાને મહત્વાકાંક્ષા રાખવી એ સંપૂર્ણતા:સ્થાને છે; અને આપણા સહચારીઓ પ્રત્યે પૂર્ણ દયા ભાવ અને માયાળુપણાથી આપણે તે કરી શકીએ એમ છીએ. તમારી પોતાની જાતને જાગ્રત કરવાની અગત્ય છે. અને ગમે તે માર્ગદ્વારા પ્રેરણા મેળવવાનો સહુને અધિકાર છે.

કેટલીક વખત આપણુને જે પુરૂષ વા સ્ત્રીમાં શ્રદ્ધા હોય તેની સાથે વાતચીતથી જેઓ આપણું કહેવું સ્વીકારે છે અને બીજાઓને દૃષ્ટિએ નહિ પડતું એવું કંઇ આપણામાં જુએ છે એવા લોકોની શ્રદ્ધાથી મહત્વાકાંક્ષા સચેતન થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણામાં રહેલ શકિતઓનું આપણને ભાન થાય છે તે સમયે આપણે આનો વિચાર ન કરીયે તો પણ કદાચ તે આપણા જીવનની દિશાને બદલી નાંખનાર બિંદુરૂપ થઇ પડે. કોઈ પ્રેરણા કરનાર અથવા પ્રોત્સાહક પુસ્તક કે લેખના વાંચનથી અસંખ્ય સ્ત્રી પુરૂષોને પહેલીવાર આત્મભાન થાય છે. તે વિના તેઓ પોતાના સત્ય આત્મબળથી સદાને માટે અનભિજ્ઞ રહ્યા હોત. જે વસ્તુથી આપણને આત્મભાન થાય છે, જે વસ્તુથી આપણી શકિતનું સત્યસ્વરૂપ ઓળખાય છે તે અમૂલ્ય ગણાય છે.

જે લોકો તમને ઉત્તેજીત કરે, જેઓ તમારી મહેચ્છાઓ જાગૃત કરે, જેઓ જગત્‌માં કોઈ મહાન્ કાર્ય કરવાને અથવા મહાપુરૂષ થવાને તમને પ્રોત્સાહન આપે એવા લોકોનેજ તમારા મિત્રો તરીકે પસંદ કરો. આવો એકજ મિત્ર બાર નિષ્ક્રિય અને સુસ્ત મિત્રો કરતાં સહસ્રધા કિંમતી છે. જેઓ તમારી મહત્વાકાંક્ષાને દાબી ન દે, જેઓ તમને વિચાર કરતાં શીખવે, જેઓ તમારામાં પ્રેરણા સીંચે એવા લોકોની સાથેજ ગાઢ પરિચય રાખો. ઘણા લોકોની બાબતમાં એક મહાન મુશ્કેલી એ હોય છે કે તેઓ કદિ સચેતન થતા નથી, અને જીંદગી પર્યંત આત્મનિરૂપણ કરતા નથી. યુવાવસ્થામાંજ આત્મશક્તિનું ભાન થવું અત્યાવશ્યક છે. જેથી કરીને આપણા જીવનમાંથી મહાન કાર્યસાધકતાનું દોહન કરી શકીએ. ઘણા ખરા લોકો તો પોતાની શક્તિઓનો મોટો ભાગ વિકાસ પામતો નથી તે પહેલાં મૃત્યુવશ થાય છે. તેઓએ અત્રતત્ર તેઓની શક્તિઓને સુધારી હોય છે. પરંતુ આંતરિક શક્તિઓનો મોટો ભાગ તો અસ્પૃષ્ટજ રહ્યો હોય છે.

આ દેશમાં હજારો, બલ્કે લાખો મજુર લોકો છે. જેઓ કંટાળા ભરેલી જીંદગી ગુજારે છે. પરંતુ જો તેઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હોય તો તેઓ પોતે સેવ્ય બનવાને લાયક થાય અને તેઓના સમૂહમાં તેઓ તેજસ્વી પુરૂષો તરીકે ચળકી ઉઠે. પરંતુ તેઓની પોતાની શક્તિના અજ્ઞાનવશાત્ તેઓ નીચેજ પડ્યા રહ્યા હોય છે. તેઓએ કદિ પણ આત્મશોધન કર્યું નથી, જેને પરિણામે તેઓ કાષ્ટ કાપનાર અને જળ ખેંચનારની સ્થિતિમાં રહેવા જોઇએ. આવી કોટિના લોકો સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે, જેઓ રાક્ષસી છાપ બેસાડી શકે. પરંતુ જે આંતરિક શક્તિઓ નિદ્રાવસ્થામાં પડેલી છે, તેનાથી તેઓ તદ્દન અજ્ઞાત છે. હજારો સ્ત્રીપુરૂષો માત્ર સામાન્ય સ્થિતિમાં જીવન નિર્વહન કરે છે. આવા સ્ત્રીપુરૂષો માત્ર એકજ વખત આત્મશોધન કરે તો પોતાની સ્થિતિમાં અપરિમિત સુધારો કરી શકે, અને જગત્‌માં મહાન સ્તંભભૂત નેતાઓ તરીકે ખ્યાતિ મેળવી શકે.

સ્વસ્થ ચિત્તથી એકાંતમાં બેસી આત્મશોધન કરો. તમો જે કંઇ કરો છો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનાથી તમને અતૃપ્તિ હોય અને વધારે સારૂં અને ઉજ્વલ કરવા ધારતા હો તો તમારી મુશ્કેલી કયાં રહેલી છે તેનું સમયની દરકાર કર્યા વગર અન્વેષણ કરો. તમને જે વસ્તુઓ પછાત રાખે છે તે શોધી કાઢો. આ આત્માનવેષણ ક્રિયા દીર્ઘ સમય પર્યંત સતત રાખો. વારંવાર તમારી જાતને કહો કે:–' શું કારણથી અન્ય લોકો આવા અપૂર્વ અને આશ્ચર્યભૂત કાર્યો કરે છે અને હું આવા સામાન્ય કાર્યો કરૂં છું ? " અને હમેશાં એજ પ્રશ્ન કરો કે:–" જો અન્ય માણસો તે કરી શકે છે તો હું પણ કેમ ન કરી શકું ? " આ આત્મનિરૂપણની મુસાફરીમાં સ્વપ્નમાં પણ કદિ ન અનુભવી હોય એવી વસ્તુઓ તમે અનુભવશો. અને અદ્યાપિ પર્યંત અપ્રકટ રહેલી શક્તિઓથી સમન્વિત થયેલી તમારી જાતને જોશો, અને આ શક્તિઓને જો યોગ્ય રીતે કેળવવામાં આવે તો તે તમારા આખા જીવનમાં અદ્ભુત પરિવૃત્તિ કરી નાંખે.

એકજ સ્થિતિમાં દાખલા તરીકે એક કારકુન તરીકે, દીર્ઘ કાળ સુધી રહેવામાં એક નાશકારક ભય એ છે કે ઉક્ત ટેવથી માણસો ગુલામની કોટિમાં મુકાય છે. જે કાર્ય આપણે ગઈ કાલે કર્યું હોય છે તે આજે કરશું એ સંભવિત છે, અને જો તેજ કાર્ય આપણે આજે કરીએ છીએ તો આવતી કાલે આપણે તે ચોક્કસ કરશું. આ પ્રમાણે નિરંતર શુષ્ક પરિપાટિ અનુસાર તેજ શક્તિઓનો ઉપયોગ કરવાથી અલ્પ સમય પછી બીજી નહિ વપરાયલી શક્તિઓ ક્ષીણ અને નબળી થવા લાગે છે, અને આપણે જે કાર્ય કરીએ છીએ તેજ માત્ર આપણે કરી શકીએ એમ છીએ એવા વિચારનો જ્યાંસુધી આપણામાં ઉદ્ભવ થતો નથી ત્યાં સુધી એ પ્રમાણે બને છે. જેનો આપણે ઉપયોગ કરીએ છીએ તે બલવત્તર બને છે અને જેનો ઉપયોગ નથી થતો તે બલહીન બનતું જાય છે. આપણામાં જે શક્તિઓ વસ્તુતઃ રહેલી છે તેનું મૂલ્ય ઓછું આંકવામાં અને તેની અવગણના કરવામાં આપણે આપણી જાતને ઠગીએ છીએ. નિકૃષ્ટ હેતુ એક પ્રકારનું પાપ છે; કેમકે તે અન્ય સર્વ ગુણોને અધમ સપાટી પર ખેંચી લાવે છે. અધમ હેતુ કાર્યસાધક શક્તિનો નાશ કરે છે. શક્તિઓ હેતુને અનુસરે છે. આપણે ઉર્ધ્વગામી વા અધોગામી થવું જોઇએ. જીવનના મહાન સોપાનના એકજ પગથીએ નિરંતર વળગી રહેવું એ અતિ અનિષ્ટ છે.

इति शुभम् ।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# परोपकाराय सतां जीवनं.

( મુનિરાજશ્રી માણેક મુનિ )

દુનિયામાં જીવ્યો કોણ ગણાય છે કે જેણે જીવોના ભલા માટે કંઇ પણ સારૂં કાર્ય કરીને પોતાની જીદંગી સફળ કરી હોય. અને જીવતાં પણ મર્યો કોણ કે જેણે દુનિયામાં જન્મીને કોઇનું પણ ભલું કરવાને બદલે મોજશોખમાં જીંદગી વ્યર્થ કરી હોય--

આ લખવાનો સાર એટલો છે કે દરેક પુરૂષે પોતાના તન મન ધનથીલોકોના ભલા માટે પ્રયત્ન કરવો જોઇએ. જો પ્રયત્ન કરવામાં ન આવે તો મહા પુણ્યોદયથી મેળવેલી ઉત્તમ સંપત્તિ રૂપ મનુષ્ય જન્મ, સુબુદ્ધિ અને અમૂલ્ય ધન વ્યર્થ ગુમાવી દેવાય છે.

દરિયામાં આવેલી ભરતી અથવા નદીનું પૂર ચિરસ્થાયી નથી, તેમ આપણી સંપત્તિ તથા જીવિત ચિરસ્થાયી નથી, માટે જેમ બને તેમ પરોપકારને માટે યત્ન કરવો જોઇએ.

જૈનોમાં દાન ધર્મ શ્રેષ્ટ બતાવ્યાથી દરેક જૈન કાંઇને કાંઇ સદુપયોગમાં વાપરે છે, પરંતુ જેમ મૂર્ખનું દોડવું અથવા અંધાનું દોડવું દોડનારને વખતે લાભ કરે છે અને વખતે પોતાને તથા બીજાને નુકશાન કરનારૂં પણ થઇ પડે છે, તેમ આપણા અથવા બીજા બંધુઓનું દાન હિતને બદલે વખતે જ્ઞાનના અભાવે અહિતકારી પણ થાય છે, એટલા માટે દરેક જૈન અથવા જૈનેતર બંધુએ પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. અને પછી દાન કરવા ઉત્સાહી થવું જોઇએ.

જીવન થોડું છે અને જ્ઞાનની હદ નથી, ત્યારે ત્યાં સુધી દાન ન કરવું એ તો મહા પાપ છે, એમ વિચાર થાય તો તેવા પુરૂષે જ્ઞાની પુરૂષોની સહાયતાથી દાન કરવું જોઇએ જેથી યોગ્ય લાભ મળે. પરંતુ જો પોતે જ્ઞાન ભણવામાં ઉદ્યમ ન કરે અને બીજાની સહાયતાથી દાન કરે તો વખતે જોઇએ તેવો લાભ ન મળે, માટે પ્રથમ દરેકે જ્ઞાન ભણવું અને પછીજ દાન કરવું.

જો જૈનોની પદ્ધતિ દેખવા જઇએ તો જ્ઞાન માટે કેટલું ઉત્તેજન છે તે તપાસવું જોઇએ.

સ્યાદ્વાદ રહસ્ય સમજાવનારા જૈનો શોધવા જઇએ તો વિરલાજ મળશે.

જૈનોનો ધર્મ દયામય છે એવું હાલ લોકમાં પ્રસિદ્ધ છે પણ, જૈનો સ્યાદ્વાદવાદી છે એવું જાણનારા બહુજ થોડા હશે. જ્યારે પોતે પોતાનું સ્યાદ્વાદ સ્વરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજ્યો નથી, સમજવા પ્રયત્ન કર્યો નથી, સ્યાદ્વાદ સ્વરૂપ સમજાવનારી પાઠશાળા કે કોલેજ નથી ત્યારે જૈનોને કેટલો જ્ઞાન ઉપર ભાવ છે તે આપોઆપ સમજાશે.

સ્યાદ્વાદને પ્રધાન માની જો જૈનો પ્રયત્ન કરે તો અત્યારે દિગંબર શ્વેતાંબરનો ક્લેશ થાયજ નહીં. કારણ કે વીતરાગ કેટલે અંશે તારક છે અને વીતરાગના ગુણ શું તથા આત્માએ વીતરાગ પાસે શું લેવાનું છે તે અમે જો ભૂલી ગયા ન હોઇએ તો ચક્ષુ તથા કંદોરા માટે શામાટે મારા મારી થવી જોઇએ ? વીતરાગના કંદોરામાં કે ચક્ષુમાં કે તેની પૂજામાં જેટલે અંશે મુક્તિ છે તેના કરતાં તેના ઉત્તમ ગુણો સમજવામાં તથા તે તે સ્વીકારવામાં મુક્તિ ઘણી સમીપ થાય છે, પરંતુ જેટલું લક્ષ્ય મંદિરો બાંધવા માટે, તેને શણગારવા માટે, તેની રક્ષા માટે દ્રવ્યસંચય તથા યોજનાઓ કરવા માટે જે ખરચ થાય છે તેના પ્રમાણે જ્ઞાનમાં રૂપિયે પાઈ પણ ખરચાતી નથી. જો જોવું હોય તો મંદિરના દરવાજા ઉપર લેખ લખો કે પોતાના આત્માને શામાટે જૈનમંદિરમાં વીતરાગ મૂર્ત્તિ આગળ લઇ જાઓ છો ? અને તે સ્થળે જઇને તે પ્રમાણે લાવ્યા કે નહીં તે વિચારો—

કારણ કે ચાર પ્રકારની પૂજા છે.

અંગપૂજા, અગ્રપૂજા, ગુણસ્તવનપૂજા, આજ્ઞાપાલનપૂજા.

ઉપરની ચાર પૂજામાં પ્રથમની ત્રણ પૂજા તો પ્રચલિત છે પણ ચોથી પૂજાનું સમજવું મુશ્કેલ છે તો પાળવું કયાંથી થાય ? બંધુઓ વિચારો કે દેવદ્રવ્યથી સલાટોનાં તથા સોનીઓનાં ઘર ભરવામાં આવે, તે કરતાં તે દ્રવ્યથી જો એ સ્યાદ્વાદી પંડિત ત્યાં બેસાડી તેની પાસે દરેક પૂજકને સ્યાદ્વાદ રહસ્વ સમજાવવામાં આવે તો કેટલો લાભ થાય ?

જૈનોને માટે સૌથી સરસ રસ્તો એજ છે કે પોતાની એક કોલેજ કાઢી ધાર્મિક તથા વ્હેવારિક જ્ઞાન સાથે આપવાની તજવીજ કરવામાં આવે તો લગભગ ૩૦૦૦ વિદ્યાર્થી દરવરસે ધાર્મિક અભ્યાસ કરી શકે ?

# જૈન કોમમાં કેળવણી.

### કોમના હિતચિંતકોને એક અરજ.

કેળવણી માનવ જાતિનો એક સર્વોત્તમ ગુણ છે. અને તેના પર પોતાનો તથા પોતાની જ્ઞાતિ અથવા સમાજનો ઉત્કર્ષ અવલંબી રહેલ છે; તેથી એમ માલૂમ પડયું છે કે જૈન કોમમાં કેળવણીની વૃદ્ધિ કરવાના સંબંધમાં જ્ઞાતિ હિતૈષીઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર પુરતું કરવાને સંભવિત યત્નો કરવા જોઇએ. અને પોતાના બાળકોની કેળવણી વિષયક વાસ્તવિક સ્થિતિ કેળવણીના અને જ્ઞાતિના દૃષ્ટિબિંદુથી જાણવાને આ યોગ્ય અવસર છે. અને જ્યાં જરૂર હોય ત્યાં સુધારો કરવા માટે યોગ્ય ઉપાયો યોજવાને તેઓની શિક્ષણપદ્ધતિ અસરકારક છે કે નહિ તેનો તેઓએ પોતે વિચાર કરવો જોઇએ.

**હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી—**

ઇ. સ. ૧૯૧૧ ના વસ્તી પત્રકના રિપોર્ટ પ્રમાણે આખા હિંદુસ્તાનમાં બધા મળી લગભગ ૧૨૪૮૧૮૨ જૈનો છે. આમાંથી ૩૬ ટકા જેટલી સરકારી જીલ્લાઓમાં જૈનોની વસ્તી છે. દેશી રાજ્યો તથા એજન્સીઓમાં ૬૪ ટકા જેટલી છે. મુંબઇ ઇલાકામાં ૪૦ ટકા. સંયુક્ત પ્રાંતમા ૬ ટકા, અને મધ્ય પ્રાંતમાં અને બીહારમાં ૬ ટકા જૈનોની વસ્તી છે. દીલ્હી સુદ્ધાં પંજાબમાં ૪ ટકા, મદ્રાસમાં ૨ ટકા અને અને અજમેર મારવાડમાં દોઢ ટકો જૈનોની વસ્તી છે. અન્ય ઈલાકાઓમાં જૈનોની વસ્તી એટલી બધી ઓછા પ્રમાણમાં છે કે તે ગણત્રીના દ્રષ્ટિબિંદુથી વિચારવાની આવશ્યકતા નથી. જે દેશી રાજ્યોને અને એજન્સીઓને ઉપરોક્ત ઇલાકાઓમાં ગણવામાં નથી આવ્યા તેમાં લગભગ ૪૦ ટકા જૈનોની વસ્તી છે.

**જૈન કોમમાં ભણેલા પુરૂષોની સંખ્યા—**

સદરહુ રિપોર્ટ મુજબ જૈન કોમના ૬૪૩૫૫૩ પુરૂષોમાંથી લગભગ ૫૦ ટકા ભણેલાઓ છે. એટલે કે ૩૧૮૫૮૫ પુરૂષોને લખતાં વાંચતાં આવડે છે. ૫ થી ૧૫ વર્ષની વયના ૧૪૧૨૨૭ બાળકો પૈકી ૪૦૨૫૩ બાળકો શાળાઓમાં અભ્યાસ કરે છે એટલે ૨૮ ટકા અભ્યાસ કરે છે. ફરજીયાત વગર ૨૮ ટકા જૈન બાળકો શાળાઓમાં ભણે છે એ સંતોષ અને આનંદની વાર્તા છે. કેમકે આખા હિંદુસ્તાનમાં વસ્તીની કેળવણીનું ધોરણ માત્ર ૧૫ ટકા છે આ તેર ટકાનો વધારો જૈનકોમ વ્યાપારમાં આગળ વધેલી છે તે વાતને આભારી છે.

**જૈન કોમમાં ભણેલી કન્યાઓ—**

ઉક્ત રિપોર્ટ અનુસાર ૫ થી ૧૫ વર્ષની વયની જૈન કન્યાઓની સંખ્યા ૧૨૬૩૧૩ છે જેમાંથી ફક્ત ૬૯૨૨ કન્યાઓ શાળાઓમાં અભ્યાસ કરે છે; એટલે કે પાંચથી છ ટકા અભ્યાસ કરે છે. ઉપરના આંકડાઓ તપાસતાં પ્રાથમિક કેળવણીના સંબંધમાં જૈન કન્યાઓની કેળવણીની આવી શોચનીય સ્થિતિ જોઇએ છીએ, ત્યારે માધ્યમિક અને ઉચ્ચ કેળવણીના સંબંધમાં શુભ પરિણામની આશા રાખવી મુશ્કેલ છે—હું દિલગીર છું. માધ્યમિક અને ઉચ્ચ કેળવણી લેતી જૈન કન્યાઓના આંકડા જૈન સમાજ આગળ રજુ કરી શકતો નથી, નહિં તો આંકડાઓથી આ વિષયપર વિશેષ અજવાળુ પડી શકત. મુંબઇ ઇલાકામાં જૈનોની કેળવણી વિષયક સ્થિતિ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેળવણીના કાર્યમાં રસ લેનારા જ્ઞાતિના હિતચિંતકોની સમક્ષ રજુ કરવાના હેતુથી દરેક ઇલાકામાં જૈનોની વસ્તીના પ્રમાણમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓના આંકડા નામદાર સરકારના કેળવણીખાતાના અધિકારીઓ પાસેથી મેળવવાને મેં યત્ન કર્યો હતો; પરંતુ ઉક્ત આંકડાઓ તે સમયે લભ્ય થઇ શકે એમ નહિ હોવાથી સરકારી કેળવણીખાતાના મે. કમીશનર સાહેબે મને જણાવવા મહેરબાની કરી છે કે તે આંકડાઓ હવે પછીના રિપોર્ટમાં બનતા સુધી દાખલ કરવામાં આવશે. જેથી કરીને આ લેખમાં મુંબઇ ઇલાકાના દરેક જીલ્લાની પ્રાથમિક, માધ્યમિક, અને વિશિષ્ટ શાળાઓમાં તેમજ કોલેજોમાં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓના આંકડા આપવાનું મેં પસંદ કર્યું છે. અને તે આંકડાઓ મે. ડાયરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશનની મહેરબાનીથી મુંબઇ ઇલાકાના ભિન્ન ભિન્ન ભાગોના કેળવણીખાતાના અધિકારીઓ પાસેથી હું મેળવી શકયો છું. આ ઇલાકામાં જૈનોની વસ્તી લગભગ ૪૦ ટકા જેટલી છે, અને તેથી હું ધારૂં છું કે ઉક્ત આંકડાઓ કેળવણીના કાર્યમાં રસ લેનારાઓને અત્યંત મહત્વના થઇ પડશે, કે જેથી કરીને તેઓ પોતાની કોમમાં કેળવણીનું ક્ષેત્ર વિશાલ અને વિસ્તૃત કરવાને આવશ્યક ઉપાયોની યોજના ઘડી શકે.

મે. ડાયરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશનના રિપોર્ટ પ્રમાણે મુંબઇ ઇલાકાની શાળાઓ તથા કોલેજોમાં કેટલા વિદ્યાર્થીઓએ ગયા ત્રણ વર્ષમાં અભ્યાસ કર્યો છે તે નીચે લખેલા આંકડાપરથી સ્પષ્ટત: સમજાશે.

| વર્ષ. | વિદ્યાર્થીઓની સંખ્યા. | | | |
|---|---|---|---|---|
| | પ્રાથમિકશાળામાં | માધ્યમિકશાળામાં | વિશિષ્ટશાળામાં | કોલેજોમાં |
| ૧૯૧૪.......... | ૧૬૬૮૬ | ૨૦૯૩ | ૧૫૬ | ૧૮૭ |
| ૧૯૧૫.......... | ૧૭૦૬૪ | ૨૨૩૫ | ૧૫૯ | ૨૪૨ |
| ૧૯૧૬.......... | ૧૭૦૬૪ | ૨૩૨૩ | ૨૩૪ | ૧૯૨ |

આ ઉપરથી જોઇ શકાશે કે પ્રાથમિક શાળાઓનાં અભ્યાસ કરતાં ૧૬ થી ૧૭ હજાર જૈન વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૧૨ થી ૧૩ ટકા માધ્યમિક શાળાઓમાં અભ્યાસ આગળ ચલાવે છે. અને માત્ર એક ટકો જ કોલેજમાં જાય છે એ ખાસ ધ્યાન ખેંચનારી બાબત છે.

મુંબઇ ઇલાકાના દરેક જીલ્લામાં ભણેલા જૈનો—

ઉપર આપેલા આંકડાઓ વિશે વિસ્તારમાં જાણવા માટે અને કયા જીલ્લામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન વિદ્યાર્થીઓ માધ્યમિકશાળાઓ અને કોલેજોમાં આગળ અભ્યાસ કરવા વિશેષ પ્રમાણમાં અટકી જાય છે તે જાણવા માટે નીચે આપેલ આંકડાઓ અત્યંત ઉપયોગી થઇ પડશે.

૧૯૧૭ ના માર્ચ માસમાં પૂર્ણ થતા વર્ષના રિપોર્ટ પ્રમાણે દરેક જીલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને વિશિષ્ટ શાળાઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જીલ્લાનું નામ. | પ્રાથમિક શાળામાં. | માધ્યમિક શાળામાં. | વિશિષ્ટ શાળામાં. | કોલેજોમાં. |
|---|---|---|---|---|
| અમદાવાદ. | ૪૧૫૦ | ૯૬૫ | ૬૦ | ૧૦ |
| ખેડા. | ૧૦૭૫ | ૧૫૬ | ...... | ...... |
| પંચમહાલ. | ૨૫૧ | ૪૬ | ...... | ...... |
| ભરૂચ. | ૪૮૯ | ૭૨ | ...... | ...... |
| સુરત. | ૧૪૪૯ | ૨૫૬ | ૧ | ...... |
| થાણા. | ૨૩૨ | ૨ | ...... | ...... |
| ડીસાકેમ્પ. | ૨૩ | ૧૫ | ...... | ...... |
| મહીકાંઠા એજન્સી. | ૧૦૫૪ | ૬૪ | ...... | ...... |
| પાલણપુર એજન્સી. | ૧૫૮૪ | ૨૬૬ | ...... | ...... |
| રેવાકાંઠા એજન્સી. | ૧૯૬ | ૭ | ...... | ...... |
| ખંભાત સ્ટેટ. | ૨૮૮ | ૪૫ | ...... | ...... |
| કચ્છ એજન્સી. | ૧૭૬૦ | ૧૧૫ | ...... | ...... |
| સુરત એજન્સી. | ૫૩ | ૩ | ...... | ...... |
| વડોદરા એજન્સી. | ...... | ૩ | ...... | ...... |
| સિંધ. | ૭૮ | ૪૩ | ૩ | ...... |
| મુંબઇ શહેર. | ૧૩૬૧ | ૪૯૯ | ૯૦ | ૧૫૦ |
| પુના. | ૧૨૯૯ | ૬૪ | ૫૫ | ૩૧ |
| સતારા. | ૯૨૦ | ૨૦ | ...... | ...... |
| સોલાપુર. | ૫૭૪ | ૩૦ | ૫ | ...... |
| અહમદનગર. | ૧૦૦૨ | ૨૬ | ...... | ...... |
| નાસીક. | ૭૦૦ | ૧૫ | ૧ | ...... |
| પૂર્વ ખાનદેશ. | ૬૫૧ | ૧૭ | ...... | ...... |
| પશ્ચિમ ખાનદેશ. | ૩૫૭ | ૮ | ...... | ...... |
| દક્ષિણ ખાનદેશ. | ૨૦૭૭ | ૧૦૭ | ૮ | ...... |

માધ્યમિક શાળાઓ અને કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓની ઉપર પ્રમાણે સંખ્યા જોઇને ખરેખર પ્રત્યેક જૈનને ખેદ થશે કે જ્ઞાતિના ભૌતિક ઉત્કર્ષના દૃષ્ટિબિંદુથી જોતાં પણ પોતાની કોમ આગળ વધવા બદલે ઘણીજ પછાત રહી ગઇ છે. ભિન્ન ભિન્ન આંકડાઓ જોઇને અને દરેક પ્રાંતની માધ્યમિક શાળાઓ અને કોલેજોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણુતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યાપરથી કેળવણીના દૃષ્ટિબિંદુથી આપણી કોમના ઉત્કર્ષની મંદ પ્રગતિ જોઇને ભવિષ્ય ભાખી શકાય કે કેળવણીના ક્ષેત્રના વિસ્તાર માટે સંગીન અને અવિચ્છિન્ન પ્રયત્નો કરવામાં નહિ આવે તો બીજી આગળ વધેલી કોમો સાથે કેળવણીના, સામાજીક અને રાજકીય પ્રકરણમાં પોતાની કોમને એક પ્રતિષ્ઠિત કોમ તરીકે ટકાવી રાખવાનું કાર્ય મુશ્કેલ થઇ પડશે. જૈન કોમના વિદ્વાન વિચારકોએ આ મુદ્દાના પ્રશ્નોપર ગંભીરતા પૂર્વક વિચાર કરવાનો છે. **કોઇ પણ પ્રજાનું ભવિષ્ય માધ્યમિક કેળવણીથી જ ઘડાય છે,** એ વિસરી જવું જોઇએ નહિ. જૈન બાળકોની કેળવણી સંકુચિત, એકપક્ષી અને વ્યાપારરૂપ એકજ લક્ષ્યસ્થાને પહોંચાડનારી છે. તે અત્યંત શોચનીય ઘટના છે. દુર્ભાગ્યવશાત્ આવા મર્યાદિત હેતુને લઇને આપણી કોમના ઘણાખરા યુવકો ઉચ્ચતર કેળવણી લેતા અટકી જાય છે. અન્ય કોમો સાથે સરખાવતા જૈન કોમ કેળવણીના વિષયમાં પછાત રહી ગઇ છે તે તેને લઇને છે એમ મને લાગે છે. જૈન કોમના મધ્યમ અને ગરીબ વર્ગોમાં વધતી જતી ગરીબાઇ, નિશ્ચલતા, આચારભ્રષ્ટતાનું આ એક મુખ્ય કારણ છે. તેથી કેવળ આત્મહિત સાધવામાં અહોનિશ રચ્યાપચ્યા રહેવાને બદલે જે યોગ્ય ઉપાયોથી આપણો હેતુ સાધી શકાય એમ હોય તેને માટે આપણી કોમના ધનવાન અને વિદ્વાન નેતાઓને વિચારણા અને પ્રયાસ કરવાનો આ ઉચિત સમય છે. છેવટે હાલની અધોગતિ સ્થિતિમાંથી કેળવણીને સંગીન પાયાપર મુકવાને તેની મુશ્કેલીઓ જાણીને કેળવણીના અનુભવ અને નિરૂપણ સહિત કોમમાંથી કોઇ વિદ્વદ્રત્ન આગળ આવવાને પ્રેરાશે એવી મારી અંતઃકરણ પૂર્વક પવિત્ર ભાવના અને સદિચ્છા છે.

अस्तु.

નરોત્તમદાસ બી. શાહ.

---

# અભ્યંતર કુટુંબ.

ગૃહસંસારમાં કુટુંબ વત્સલ માણુસ ભાગ્યશાળી ગણાય છે. કુટુંબમાં માતા, પિતા, સ્ત્રી, પુત્ર, પુત્રી, પુત્રવધુ, ભાઇ, પૌત્ર, પ્રપૌત્ર. જેમ પરિવાર વધારે, તથા ધંધા રોજગારની અંદર ધનપ્રાપ્તિ વધુ તેમ, તે માણુસ ભાગ્યશાળી ગણાય છે. ધનપ્રાપ્તિની સાથે યથાશક્તિ દાન ગુણ જો હોય છે, તો તે વધારે ભાગ્યશાળી ગણાય છે. વ્યવ્હારીક કાર્યમાં આપ લે નો વ્યવ્હાર ચોખો હોય, ધંધામાં પ્રમાણીકપણું હોય તો તે આબરૂદાર ગણાય છે. આવા પ્રકારના કુટુંબનુ બાહ્ય દૃષ્ટિથી નિરિક્ષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં તેઓ સુખી માલુમ પડે છે. અને કુટંબના આગેવાન માણસને જ્યાં ત્યાં માનપાન મળે છે, તેથી તે પોતાને આ જીવનમાં કૃત્યકૃત્ય માની સંસારમાં રાચી-માચી રહે છે. જો તેનામાં કંઇ ધાર્મિક સંસ્કાર હોય છે તો તે આ બધાને પૂર્વકૃત-પુન્યના ઉદયથી સંયોગ થએલો માની કંઈ અંશે માધ્યસ્થ વૃત્તિવાળો રહે છે, નહીંતો મદમાં ગરક થઈ જાય છે, અને નવીન અશુભ કર્મ બાંધે છે.

જેમ કુટંબ મ્હોટું તેમ બાહ્ય દૃષ્ટિથી તે સુખી જોવામાં આવે છે. પણ જ્યારે તે કુટુંબની અંદર જઇ નીરીક્ષણ કરીએ છીએ ત્યારે રંગ જુદોજ જોવામાં આવે છે. જુદા જુદા જીવોની કર્મ પ્રકૃતિ ભિન્ન ભિન્ન હોવાથી તેઓ ભિન્ન ભિન્ન સ્વભાવ-વાળા હોય છે. દરેકનો અંગત લાભ જુદા જુદા પ્રકારનો હોવાથી, પ્રસંગ મળતાં તેઓ અરસપરસ અથડાઇ પડે છે. કુટંબ મ્હોટું હોવાથી કોઈને કોઇ તે કુટુંબમાં માંદુ ચાલ્યા કરે છે. કોઈ કોઈ રોગની ફરીયાદ કરે તથા બીજો બીજા રોગની ફરી-યાદ કરે, કોઇ કંઈ ચીજની માગણી કરે ત્યારે બીજો બીજી ચીજની માગણી કરે. ન્હાના પુત્ર પુત્રીઓને ઊછેરવાની, અને તેઓને નાના પ્રકારના વ્યાધિઓ થએલા હોય તો તે વ્યાધિથી તેમને સારા કરવાની ફીકર, મોહટી ઉમરના પુત્ર પુત્રિઓને વિદ્યાભ્યાસ કરાવવાની તેમને પરણાવવાની અને વિદ્યાભ્યાસ પુરો થયા પછી તેમને ધંધે લગાડવાની ફીકર, આ બધી ચાલુ વ્યવસ્થાની સાથે વેપાર ધંધાની અંદર વિવિધ સ્વભાવના માણસોના સહવાસમાં આવી તેમને રાજી રાખ-વાની અને ધન પેદા કરવાની ફીકર, ધન પેદા કર્યા પછી તેમાં વધારો કરવાની, તેનું રક્ષણ કરવાની, ઇત્યાદિ ફીકર એ પ્રમાણે સવારના પથારીમાંથી ઉઠે ત્યારથી તે રાત્રે સુતા સુધી કુટુંબના નેતાની જે સ્થિતિ જોવામાં આવે છે, તે ઘણી દયાપાત્ર હોય છે. મોહની કર્મના ઉદયથી કુટુંબના કર્તા જે આગેવાન ગણાય છે, તેને આ કુટુંબના નિભાવવાનો વેપાર એક દુઃખ રૂપ લાગતો નથી. જો તેને કંઈ તત્વજ્ઞાનનો અ-ભ્યાસ હોય અથવા સત્ સમાગમ હોય છે તો વાસ્તવિક સ્વરૂપ સમજી કંઇ પણ આત્મહિત કરવાને વખત કહાડે છે. નહીતો જીવન પુરૂં કરે છે. જેવી રીતે કુટુંબના આગેવાન પુરૂષ કુટુંબના પોષણની ફીકરમાં દિવસ નિર્ગમન કરે છે, તેવી રીતે કુટું-બમાં વડીલ સ્ત્રી જેના ઉપર ગૃહ વ્યવ્હારનો બોજો હોય છે, તે પણ પુત્રાદિને ઉછે-રવા, ગૃહ વ્યાપાર સારી રીતે ચલાવવા, ઘર આગળ આવતા સારા અથવા માઠા અ-વસરે યોગ વ્યવ્હાર સાચવવા, સારા માઠા પ્રસંગે લોક વ્યવ્હાર સાચવવા ગામ પર ગામ જવામાં રાચી માચી જીવન પુરૂં કરે છે.

જેઓનું લગ્ન થએલું નથી, તેમજ જેઓને પ્રજા થએલી નથી હોતી તેઓ પોતાને કમભાગ્યશાળી માની ઘણા ભવો અશાંતિમાં જીવન ગુજારતા જોવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બાહ્ય કુટુંબ આ ભવનુંજ સંબંધવાળું છે. તે પરભવમાં સાથે આવતુંજ નથી. પણ આ શીવાય દરેક વ્યક્તિનું એક અભ્યંતર કુટુંબ છે. એ વાત આપણા ધ્યાન ઉપર આવતી નથી. આ બાહ્ય કુટુંબ ફકત શોભા પુરતું છે, જે વખતે આપણા અશુભ કર્મના ઉદયથી કંઇ વ્યાધિ કે બીજા કંઇ અશાતાવેદની કર્મનો ઉદય થાય છે, ત્યારે બાહ્ય કુટુંબ પાસે બેશી આંખમાંથી આંશુ પાડી આપણને દીલાશો આપે છે, તે શીવાય તે આપણા દુઃખમાં ભાગીદાર થઇ શકતું નથી. ત્યારે આ અભ્યંતર કુટુંબ આપણને મહાન શાંતિ આપનાર થવાની સાથે પરભવમાં સાથે આવે છે. એ અભ્યંતર કુટુંબ કોણ એ બતાવતાં અધ્યાત્મસારના કર્તા ઉપાધ્યાયજી શ્રી જશવિજયજી મહારાજ અધ્યાત્મસારના પ્રથમ પ્રબંધના બાણુમા શ્લોકમાં જણાવે છે કે—

प्रिया प्रेक्षा पुत्रो विनय इहपुत्री गुणरति
विवेकाख्यास्तातः परिणातिरनिंद्याच जननी
विशुद्ध स्य स्वस्य स्फुरतिहि कुटुंबं स्फुटमिदं
भवे तन्नो दृष्टं तदपि बत संयोग सुखधीः ॥ ९२ ॥

અર્થ—આ અભ્યંતર કુટુંબમાં પ્રેક્ષા રૂપી પ્રિયા, વિનય રૂપી પુત્ર, ગુણરતિ નામની પુત્રી, વિવેક નામનો પિતા, અને શુદ્ધપરિણતિ નામની માતા છે. આ પ્રમાણે વિશુદ્ધ એવા આત્માનું કુટુંબ ભાસે છે. તે કુટુંબ આ અનાદિ સંસારમાં ભમતા પ્રાણીએ જોયુંજ નથી. તો પણ સ્ત્રી પુત્રાદિકના સંયોગ સુખની બુદ્ધિ પ્રાણીઓને રહેલી છે, એ ખેદકારક છે.

સંસારીક કુટુંબ અનેક પ્રકારના પાપ કર્મનો બંધ થવામાં નિમિત્તભુત છે; અત્યારે આ અભ્યંતર કુટુંબ વિશુદ્ધ–પાપ કર્મરૂપ મળ રહિત છે. તે કુટુંબ આપણી પાસે છતાં આપણે તેના સામું પણ જોયું નથી. જોવાની વાતતો બાજુ ઉપર રહી પણ આવા પ્રકારનું અભ્યંતર કુટુંબ છે–એવું આપણા જાણવામાં પણ નથી. બાહ્ય કુટુંબનું પોષણ અને પરિપાલણ કરવા છતાં તેનો વિજોગ થાય છે. આ અભ્યંતર કુટુંબની ઓળખાણ કરી તેનું દરરોજ પોષણ કરીએતો તેનો વિજોગ થતો નથી. તે સદાકાળ આપણી સાથેજ રહે છે. આ અભ્યંતર કુટુંબમાં પ્રેક્ષા–તત્ત્વાતત્ત્વનો વિચાર કરનારી બુદ્ધિ રૂપ પ્રાણપ્રિયા છે, કેમકે તે દુઃખનો નાશ કરનારી છે, તથા વિનય નમ્રતા રૂપી પુત્ર છે, કારણકે તે જ્ઞાનાદિક સંપત્તિનો વૃદ્ધિકારક છે. તથા સમ્યકત્વાદિ ગુણને વિષે જે પ્રીતિ તે રૂપી પુત્રી છે, કેમકે તે પરમાનંદ ઉત્સવનો હેતુ છે, તથા વિવેક કૃત્યાકૃત્યદિકની પરિક્ષાના જે વિચાર તેજ વિવેક નામનો પિતા છે, કેમકે તે આપત્તિયોમાં રક્ષણ કરે છે. તથા આ સર્વને હિતકારી હોવાથી પ્રશંસાને યોગ્ય એવી શુભ પરિણતિ નામની માતા છે, કારણકે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરિપાલન કરવામાં શક્તિમાન છે, આવું અભ્યંતર કુટુંબ બાહ્ય સંયોગમાં સુખની બુદ્ધિવાળાને અદૃશ્યજ છે.

આ અભ્યંતર કુટુંબની ઓળખાણ તરફ અત્યારસુધી આપણે ઉપેક્ષા કરી છે, પણ હવે તો આવા પ્રકારનું કુટુંબ આપણી પાસે છે, એ વાત આપણા જાણવામાં આવી તો પછી એ કુટુંબના સહવાસમાં આવી તે કુટુંબથી મળતી શાંતિ મેળવવી એ આપણી મુખ્ય ફરજ છે. જેમ જેમ આપણે આ કુટુંબના સહવાસમાં વધુ આવતા જઈશું તેમ તેમ અભ્યંતર શાંતિ વધતી જશે. તેની શુદ્ધિ વધતી જશે. જેમ જેમ આત્મિક વિશુદ્ધતા વધતી જશે તેમ તેમ આત્મિક વિર્યોલ્લાસ વધતો જશે. જેમજેમ આત્મિક વિર્યોલ્લાસ વધતો જશે તેમ તેમ આપણે આપણા કર્મોને નિર્જરાવી ગુણોમાં આગળ વધવાની સાથે પાપમય વિચાર અને વર્તનમાં ઓછાશ કરવાને આપણે શક્તિવાન થઈશું. એ પ્રમાણે આપણે આપણા જીવનમાં મહાન ફેરફાર કરવાને શક્તિવાન થઇ શકીશું. અને પરિણામે આ અભ્યતંર કુટુંબ આપણને ઉત્કૃષ્ટ મોક્ષસ્થાન મેળવવાને મદદગાર થઇ પડશે.

# બોરસદમાં દીક્ષા મહોત્સવ.

અસાડ સુદ ૧૩ ના દિવસે અમદાવાદ ઝવેરીવાડાના રહીશ પરમશ્રદ્ધાળુ શા. મણિલાલ ફતેહચંદભાઇએ પોતાની તીવ્ર ઇચ્છાથી પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય આચાર્ય **શ્રીમાન વિજયકમલસુરીશ્વરજી મહારાજ** પાસે દીક્ષા લઇ શ્રીમદ્ વ્યાખ્યાન વાચસ્પતિ **મુનિરાજશ્રી લબ્ધિવિજયજી મહારાજ**ના શિષ્ય થયા છે. અને તેઓનું નામ **મુનિશ્રી નિપુણવિજયજી** મહારાજ રાખવામાં આવ્યું છે. દીક્ષા લેનાર મહાશયના પુત્રને તથા ભાઈસાહેબને તેમજ અમદાવાદના પ્રતિષ્ઠિત ગ્રહસ્થોને રજીષ્ટર પત્રો મોકલી તેઓનો સંતોષકારક જવાબ આવવાથી પૂજ્ય મહારાજશ્રીએ દીક્ષા આપી હતી. તથા તેજ દિવસ તેઓના પૂર્વોક્ત સંબંધિઓ પણ આવી પહોંચ્યા હતા જેઓ પૂર્ણ ધર્મિષ્ઠ ગુરૂભક્ત હતા. તેઓ એક દિવસ રહી પ્રભાવના કરી તેમજ વસ્ત્રાદિક વહોરાવી અને જેવા ઉત્સાહથી ચારિત્ર ગ્રહણ કર્યું છે, તેવીરીતે પાલણ કરવું ઇત્યાદિ યોગ્ય ભલામણ કરી અત્રેથી ગયા હતા. દીક્ષા લેનાર મહાશય સ્વભાવે સરલ અને પરમ વૈરાગ્યવાન છે. તેમજ ધાર્મિક અને અંગ્રેજી અભ્યાસ સારો છે. દીક્ષા ઘણી ધામધૂમથી આપવામાં આવી હતી. દીક્ષાનો કુલ ખર્ચ અત્રેના વતની ભાવિક શ્રાવક શા. સાંકળચંદ છગનલાલે ઉઠાવી લીધો હતો.

તે શુભ પ્રસંગે સ્વામિવાત્સલ્યતા, પુજાપ્રભાવના આદિ ધર્મકાર્યો સારાં થયાં હતાં.

બોરસદ.
તા. ૧૬–૮–૧૮.

લી॰
**સવચંદ દામોદરદાસ શાહ.**
હેડમાસ્તર બોરસદ જૈન કન્યાશાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકીર્ણ.

## શ્રી ભાવનગરનો જૈન સંઘ અને વ્યતીત થયેલા પર્યુષણપર્વ.

સમુદાયના ( શ્રી સંઘના ) ઘણા સ્વાલોની ચર્ચા દરેક વર્ષે આ શહેરમાં પર્યુષણ લગભગના દિવસોમાં કે પર્યુષણપર્વના દિવસોમાં થાય છે. આ વખતે, તેવી ચર્ચાને લઇને કેટલોક કચવાટ થયા છતાં હાલતો સમાધાની થઇ છે. આ વખતે નીચે પ્રમાણેના સ્વાલો ચર્ચા માટે મુખ્ય હતા. જેમાં બે સ્વાલો તો બીજી રીતે ઉત્પન્ન થયા હતા.

૧ શ્રી સંઘનો વહીવટ રીતસર કમીટી અને બંધારણ પૂર્વક કરવા. ૨ મારવાડીના વંડાના હક સંબંધી ચર્ચા. ૩ પેપર દ્વારા પટણીબંધુઓના સાધારણની ચર્ચા એ ત્રણ મુખ્ય છે.

અઢી વર્ષ પહેલાં અનેક ચર્ચા અને કચવાટ ઉત્પન્ન થઇ વીશ ગ્રહસ્થોની નીમાએલી કામચલાઉ કમીટીએ (જ્યાં સુધી જ્ઞાતિ કત્તાવારની ચુંટણી થાય નહિ ત્યાંસુધી) શ્રી સંઘના વહીવટનું કાર્ય ચલાવવું, એમ ઠરાવ થયો હતો. જેતીમુદત વીત્યા છતાં જ્ઞાતિવાર તે કમીટીના સેક્રેટરી તરફથી લખાણ નહિ થયું તેમજ ચુટણી થઇ નહીં અને કમીટીને કોરે મુકી, બંધારણને બાજુએ રાખી અમુક આગેવાનોએ પોતાની ઇચ્છા મુજબ વહીવટ કરતા હતા. તે સબંધમાં આ વખતે અનેક ચર્ચાઓ થયા બાદ છેવટ તેજ વીશ ગ્રહસ્થોની કમીટીએ નવી ચુંટણી કતાવાર ત્રણ માસમાં કરવામાં આવશે ત્યાં સુધી કામ ચલાવવું એમ ઠરાવવામાં આવ્યું અને તે પછી કમીટીના ગ્રહસ્થોને જુદા જુદા કાર્યો સોંપવામાં આવ્યા. તે બાબત આખા જૈન સમુદાયને આગેવાનોની કાર્યપદ્ધતિ માટે હાલ વિશ્વાસ ઉત્પન્ન થવાથી એકને બદલે બે સંઘ ( પારણા ) ભાદરવા શુદ ૧ અને શુદી ૫) જમવા માટેનો કરેલો પ્રયત્ન ફળીભૂત થયો. નક્કી થયું અને કાયમ તે માટે પડતી મુશ્કેલીઓ દુર થઇ, તેમાંથી વધારો રહે તે જૈન બંધુઓને યોગ્ય સહાય આપવા માટે પણ નિર્ણય થયો, જે હકીકત શ્રી સંઘને ચોપડે લેખીત થયેલ છે હવે કમીટીના ગ્રહસ્થોએ જેમ જાતીભોગ આપી કાર્ય કરવાની જરૂર છે તેમ આગેવાનોએ તેના કાર્યમાં દાખલગીરી કરવાની જરૂર નથી.

પર્યુષણ પછી તરતજ તે કમીટીના સેક્રેટરીએ દરેક જ્ઞાતિઓ ઉપર ચુંટણી માટે લખવાનું છે જે હજુ સુધી લખાણું હોય, તેમ સાંભળવામાં નથી તો તે તાકીદે કરવાની જરૂર છે. તેમાં ઢીલ થશે તો અવિશ્વાસ ઉત્પન્ન થવા સાથે અમુક આગેવાનોને કમીટી, બંધારણ અને વ્યવસ્થાપૂર્વક કામ ચાલે તે પસંદ નથી. અને પોતાની મરજી પ્રમાણે કરવું છે એમ સમુદાય માનશે.

જૈન સમુદાયની હૃદયપૂર્વક ઉન્નતિ ઇચ્છનાર અને તે સમાજને સુધારાના ઉંચા શિખર ઉપર લઇ જવાની શુભ આકાંક્ષા ધરાવનારા નવીન વર્ગ કે જેના સત્યાગ્રહથી અનેક કચવાટો તેની સામે ઉત્પન્ન થયા છતાં છેવટે આગેવાનોને ઉપર મુજબ કમીટી કરવાની ફરજ પડી. જેથી ધોરણ પ્રમાણે કામ કરવાની ઇચ્છા સૌને જણાયાથી જ ઉપર મુજબ સમુદાયને વિશ્વાસ ઉત્પન્ન થવા સામે ઉપરના પ્રયત્નમાં ફળીભૂત થયા છે. અને તેવો વિશ્વાસ આગેવાનો હવે નીભાવી રાખશે એમ અમો સુચના કરીએ છીએ.

બીજો સ્વાલ પટણીબંધુઓના સાધારણ લેવા સબંધી જે કેટલાક વખતથી મોઢેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ પત્ર દ્વારા ચર્ચાય છે. સમુદાયની ઇચ્છા, ન્યાય અને ધોરણને બાજુએ મુકી, કોઇ કોઇ પ્રસંગે આગેવાનો પોતેજ તેવી બાબતમાં પોતાની (સમુદાયની ઇચ્છા જાણ્યા વગર–પુછયા વગર) મરજી પ્રમાણે ફેરફાર કરે છે, કબુલાતો આપે છે, ન્યાય આપે છે. આ પદ્ધતિ પણ નહીં સ્વીકારવા જેવી જેમ છે તેમ તે આગેવાનોએ પણ તે ફેરફાર કરવાની જરૂર છે. આવા કારણોથી કેટલીક વખત આવી ચર્ચાઓ મોટું રૂપ પકડે છે—

પટણી બંધુઓની સાધારણની બાબતમાં તો ન્યાય એ છે કે શ્રી ભાવનગરના સંઘ ઉપર તેઓનો જો કોઇપણ જાતનો ઉપકાર હોય તો જાહેરમાં સમાજમાં બતાવી સાધારણ લેવા કે ન લેવાનો નિર્ણય કરવો જોઇએ, અને તેવો ઉપકાર અમુક ગ્રહસ્થનો છે કે આ શહેરમાં હાલ છે અને હવે આવે તેવા તમામ પટ્ટણી બંધુઓ તેવી છુટમાં છે તેનો નિર્ણય થવો જોઇએ. સાધારણ આપવું તે કર(ટેક્સ) છે એમ ધારીને ન આપવામાં આવતું હોય તો તે ભૂલ છે. સાધારણ આપનાર તે જૈન સંઘમાં એક મેમ્બર છે અને જૈન વ્યક્તિ તરીકેની તેની ગણત્રી છે તે સિવાય કાંઇ નથી. છતાં પણ આ વખતના જૈન શાસનના ૨૩ મા અંકમાં બંધુ જમનાદાસ અમરચંદે જણાવેલ છે કે શ્રી સ્થાનકવાસી જૈન સંઘમાં અમુક પટણી બંધુ સાધારણ ભરે છે. જો આ વાત સાચી હોય તોપછી અહીં નહીં ભરી તેવી ગણત્રી ( જૈન વ્યક્તિ જૈન સંઘના એક સભાસદ ) માંથી શા માટે બાતલ થવું જોઇએ તે સમજી શકતા નથી. આ બાબતમાં ગમે તે યોગ્ય નિર્ણય ન્યાયપૂર્વક થવાની જરૂર છે. તે બાબતમાં જોકે કોઇને આગ્રહ નથી, પરંતુ ન્યાયથી તેનો નીવેડો લાવવાની અમો સુચના કરીએ છીએ.

૩ જો સ્વાલ–મારવાડી વંડો જેને ઉપાશ્રય કહેવામાં આવે છે તેને માટેનો છે. ઘણા વખતથી તેને માટે જે વહીવટ ચાલતો હતો, જે નામથી વ્યવહાર ચાલતો હતો તે ધોરણ બદલી અમુક આગેવાનેવીશાશ્રીમાળી તપાસંઘ એ નામથી થોડા વખતથી શરૂ કરેલો છે. એમ સાંભળવામાં આવ્યું છે જે દશાશ્રીમાળી તપા સંઘના જાણવામાં આવતાં બંને બાજુઓ વચ્ચે હકનો સ્વાલ ઉત્પન્ન થયો છે. દશાશ્રીમાળી તપા સંઘવાળા કહે છે કે સમુદાયનો છે. વીશા શ્રીમાળી કહે છે કે અમારો છે. તેવો સ્વાલ ઉત્પન્ન કરવાથી અત્રેના સંઘમાં ઘણી જ્ઞાતિઓ છતાં જે ઐકયતા જળવાયેલી હતી, તેમાં હાલ બે વિભાગ હક્કનો નિશ્ચય કરતાં જણાયા છે.

આમન સામન નોટીસો જવાબો પણ અપાણા છે. પક્ષો પણ બંધાણા છે. જેથી આ હકીકત આગળ જઇ વધારે કડવાશ ઉત્પન્ન ન કરે તેમ થવાની જરૂર છે. સાંભળવા પ્રમાણે અસલ પ્રમાણે વહીવટ ચાલે અને નવીન થયેલું ફેરફાર કરે તો આ નિવેડાનો અંત આવે તેમ છે, એમ અમોએ ચોકસ રીતે એક બાજુવાળા તરફથી જાણ્યું છે. તો આ બાબતમાં કાંતો તે ફેરફાર કરનાર અને તેના સહાયક આગેવાનોએ અસલ પ્રમાણે કરવું, અથવા તો આ સ્વાલ સંઘમાં લાવી તેનો ન્યાયપુરઃસર નિવેડો લાવવો એમ સુચના કરીએ છીએ.

કોઇ પણ આગેવાન સામુદાયીક કાર્યમાં પોતાની મરજી પ્રમાણે ફેરફાર કરે, જવાબ આપે કે વ્યવસ્થા કરે, તે જ્યાં બીજી બાજુ સમજદાર બુદ્ધિશાળી જૈન બંધુઓ હોય ત્યાં તેવું અંધારૂં ચાલ્યું જાય તેવો જમાનો હવે નથી. આવા નવા સ્વાલો ન ઉત્પન્ન થાય અને ઐકયતા જળવાઇ રહે તેમ થવાની નમ્ર સુચના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

**મહુવા-પશુરક્ષાના હિમાયતી શા. ઓધવજી રામજી સરવૈયાનું જીવનચરિત્ર**—અભિપ્રાય અર્થે અમોને ભેટ મળેલું છે આવા ગ્રંથો દરેક મનુષ્યને તેના સદ્ગુણનું અનુકરણ કરતા શીખવે છે. ઉક્ત બંધુ ઓધવજી રામજી મહુવાના રહેવાસી અને જ્ઞાતે દશા શ્રીમાળી વણીક છે. તેમનું જીવનચરિત્ર વાંચતાં જેમ તેનામાં ધૈર્યતાનો ગુણ જણાય છે તેમ ખરેખરી પશુદયાનો ગુણ પણ અસાધારણ દેખાય છે. વ્યવહારના અનેક સંકટો આવ્યા છતાં તેમાં ધીરજ રાખી ઘણા વર્ષો સુધી સતતપણે પશુરક્ષાના કાર્યમાં અડગપણેઆત્મઅર્થે નિઃસ્વાર્થ વૃત્તિએ કાર્ય કર્યું છે; તેમ તેમના જીવનચરિત્ર ઉપરથી જણાય છે. ધર્મશાસ્ત્રો કહે છે કે જીવ-દયાથી પારલૌકિક લાભ સાથે ઐ[..]ક લાભો પણ થાય છે. તો આ પુરૂષની બાબતમાં પણ તેમ બન્યું છે. ત્રીશ વર્ષથી પોતાને થયેલ વ્યાધિ નિર્મૂળ થયો છે, તેમ વંશવૃદ્ધિ પણ થઇ છે તેટલુંજ નહિ પરંતુ પોતાની ચાલીશ વયની પૂર્વે ધર્મપત્ની સાથે અખંડ બ્રહ્મચર્ય ધારણ કરી પોતાની સાધારણ સ્થિતિની દરકારનહિ કરતાં અખંડપણે પશુરક્ષાનું ઉત્તમ કાર્ય કરે છે. આવા પુરૂષો બહુજ વિરલા જણાય છે. અમો બંધુ ઓધવજી રામજીને ધન્યવાદ આપીયે છીયે અને તેનું અનુકરણ કરવા સુચના કરીયે છીયે.

**એક સુધારો**—ગયા અંકમાં શેઠ તુકારામ જાવજી નિર્ણયસાગર પ્રેસના માલીકના મરણ નોધમાં તા. ૨૪-૮-૧૯૧૮ છપાયેલ છે તેને બદલે તા. ૨૪-૪-૧૯૧૮ સમજવું.

**શ્રી હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી વડોદરા**—નો પ્રથમ રીપોર્ટ અમોને અભિ-પ્રાય અર્થે ભેટ મળેલ છે. આ સંસ્થા પંન્યાસજી મહારાજ શ્રી સંપત્તવિજયજી મહારાજના શુભ ઉપદેશથી સં. ૧૯૭૩ ના આસો વદ ૧૩ ના રોજ સ્થાપન કરવામાં આવેલ છે. તેના ઉત્સાહી કાર્યવાહકોના સતત્ પ્રયત્નથી એક વર્ષમાં વર્તમાનપત્રો અને પુસ્તકોનો સારો સંગ્રહ કરવામાં આવેલ છે. સાથે સભાસદની સંખ્યા પણ સારી થયેલ છે. રીપોર્ટમાં સભાસદોના નામનું લીસ્ટ, બુકોનું લીસ્ટ નથી આપવામાં આવ્યું તેટલું અપૂર્ણ છે. હવે પછી તે દાખલ કરવાની જરૂર છે. સાથે આ સંસ્થાની મળેલી મીટીંગોની ટુંક નોંધ પણ દાખલ કરવા સુચના કરીયે છીયે. આ લાઇબ્રેરીનો જૈન અને જૈનેતર બંધુ સારા પ્રમાણમાં લાભ લે છે. અત્યારની કાર્યપદ્ધતિ જોતાં ભવિષ્યમાં બહુ સારી પ્રગતિ કરી શકશે એમમાનીયે છીયે. અમો તેની સંપૂર્ણ આબાદી ઇચ્છીયે છીયે અને દરેક પ્રકારની સહાય કરવા જૈન બંધુઓને વિનંતિ કરીયે છીયે.

**આ માસમાં નીચેના ગ્રંથો રીપોર્ટો વગેરે ભેટ મળેલ છે તે ઉપકાર સાથે સ્વીકારીયે છીયે.**

| | | |
|---|---|---|
| ૧ નયકર્ણીકા. (ઇંગ્લીશ) | દેશાઇ મોહનલાલ દલીચંદ બી. એ. એલ. બી. | મુંબઇ. |
| ૨ શ્રી મહાવીર જીવન વિસ્તાર (હિંદી) પ્ર૦ બી. પી. સીંધી મે૦ | હિંદિવિજય ગ્રંથમાળા | આબુ. |
| ૩ નઇ રોશનીકી કુલદેવી. ,, | ,, | ,, |
| ૪ અધિકમાસ નિર્ણય ,, | શેઠ સરૂપચંદજી પુનમચંદજી નાણાવટી. | મુંબઇ. |
| ૫ હરિવંશ પુરાણુ સમીક્ષા ,, | બાબુ ચંદ્રસેન જૈન વૈદ્ય | ઇટાવહ. |
| ૬ શ્રીમતી સુશીલાબાઇ કાવ્યાખ્યાન (હિંદી) | જૈન સંસાર ઓફીસ. | મુંબઇ. |
| ૭ સત્યોદય માસિક ,, | ચંદ્રસેન જૈન વૈદ્ય. | ઇટાવહ. |
| ૮ દુર્વ્યસન નિષેધક, જીવદયા પ્રબોધક અને નીતિવર્ધક મંડળનો રીપોર્ટ. | સત્સંગ ઓફીસ. | સુરત. |
| ૯ શેઠ ગેલાભાઇ લાલભાઇ. કેશર બરાસ ફંડ રીપોર્ટ | શેઠ નગીનદાસ ઘેલાભાઇ ઝવેરી. | મુંબઇ. |

For Private And Personal Use Only

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

| | | | |
|---|---|---|---|
| ૧ ધર્માભ્યુદય નાટક, સૂક્તમુક્તાવળી. | ૦-૪-૦ | ૨ પંચનિગ્રંથી પ્રજ્ઞાપના તૃતીયપાદ-સંગ્રહણી સટીક. | ૦-૪-૦ |
| ૩ રત્નશેખરી કથા. (પ્રાકૃત) | ૦-૪-૦ | ૫ બૃહત સંઘયણિ મોટી ટીકા. | ૧-૧૨-૦ |
| ૪ દાનપ્રદીપ. | ૨-૦-૦ | ૭ ષડ્દર્શન સમુચ્ચય. | ... ... |
| ૬ શ્રાદ્ધવિધિ. | ... ... | | |

## છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિસય ઠાણુ સટીક-શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય.
૫ ધર્મપરીક્ષા. જામનગરવાળી બેન મણી ત.
૬ જૈન મેઘદૂત સટીક.
૮ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૯ દ્રૌપદી સ્વયંવર નાટક.
૧૦ અંતગડદશાંગ સૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.
૧૧ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી. શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મ પત્નિ બાઇ ચુનીબાઇની દ્રવ્ય સહાયથી

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.
૨ ષટ્સ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક.
૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.
૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.
૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૩ ધાતુ પારાયણ.

## આગમો છપાવવાની થયેલ યોજના.

१ अनुत्तरोववाईसूत्र सटीक.
२ उपासकदशांग सटीक.
३ नंदीसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગુર્જર ભાષાંતર ) **શ્રીભગવતી સૂત્ર.** ( પ્રથમગુચ્છ )

## કિંમત રૂા. ૨–૮–૦ ટપાલખર્ચ જુદું.

શ્રી જૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે. સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે **ભગવતી સૂત્ર**ની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાંથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે. આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેમાં જીવે પોતે કરેલા દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ–ભેદના પ્રશ્નનો નિણુય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં "પૃથ્વીઓ કેટલી છે?" એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો યાવત્ ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં "મનુષ્ય એકાંત બાલક છે કે કેમ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરૂત્વના ઉદ્દેશમાં "જીવો કેવી રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઈ શાહ ભાવનગર.**

Registered No. B. 431

For Private And Personal Use Only